પાણી ઓસરતાં બાઈક લેવા પહોંચેલા લોકોને દંડ ફટકાર્યો!

મુશ્કેલીના સમયે મદદ કરવાને બદલે મેમો પકડાવતા પોલીસકર્મીઓનો વિડીયો વાયરલ

સુરતઃ આભ ફાટવા જેવી આપત્તિના સમયે સુરત પોલીસની કહેવાતી 'સંવેદનશીલતા' અને 'માનવતા' પર ફરી એકવાર મોટો સવાલ ઊભો થયો છે. શહેરમાં ભારે વરસાદને પગલે પાંડેસરા પોલીસ કોલોની અને તેની આસપાસના વિસ્તારોમાં કેડસમા પાણી ભરાઈ ગયા હતા. આ કુદરતી આફત વચ્ચે પોતાની અને પરિવારની જિંદગી બચાવવા માટે કેટલાક વાહનચાલકો નાછૂટકે પોતાના બાઈક-સ્કૂટર રસ્તા પર જ મૂકીને જીવ બચાવી ઘરે નીકળી જવા મજબૂર બન્યા હતા. જોકે, આ વિસ્તારમાં પૂરના પાણી ઓસરતાં જ જ્યારે આ પૂર પીડિતો પોતાના વાહનો લેવા પરત ફર્યા, ત્યારે ટ્રાફિક પોલીસના કેટલાક કર્મીઓએ માનવતા નેવે મૂકીને તેમને દંડ ફટકારી મેમો પકડાવી દીધા હોવાની આઘાતજનક ઘટના સામે આવી છે.

ભારે વરસાદમાં લાચાર બનેલા સામાન્ય નાગરિકોને ટ્રાફિક પોલીસ દ્વારા જે રીતે હેરાન કરવામાં આવ્યા, તેનો ભોગ બનનાર એક જાગૃત નાગરિકે સ્થળ પર જ મોબાઈલ કેમેરાથી આખો વિડીયો ઉતારી લીધો હતો. આ વિડીયોમાં ટ્રાફિક પોલીસકર્મીઓ પૂરની આપત્તિમાં ફસાયેલા લોકોની મજબૂરી સમજવાને બદલે શુષ્ક કાયદાની કલમો બતાવી દંડ વસૂલતા નજરે પડે છે. આ વિડીયો વાયરલ થતાં જ લોકોનો ગુસ્સો સાતમા આસમાને પહોંચ્યો છે. નેટીઝન્સ અને સુરતના સ્થાનિક રહીશો ટ્રાફિક વિભાગની આ લૂંટ ચલાવતી નીતિ પર ભારે ફિટકાર વર્ષાવી રહ્યા છે.

રોષે ભરાયેલા ડઝનબંધ લોકોએ વિડીયો ગૃહરાજ્ય મંત્રી હર્ષ સંઘવીને ટેગ કર્યો

આ અમાનવીય વર્તન સામે સુરતીઓમાં એટલો પ્રચંડ રોષ છે કે, ડઝનબંધ લોકોએ આ વિડીયો સોશિયલ મીડિયા પર સીધો રાજ્યના ગૃહરાજ્ય મંત્રી અને રાજ્યના ડે.સીએમ એવા હર્ષ સંઘવીને ટેગ તથા ફોરવર્ડ કર્યો છે. લોકોએ ગૃહ મંત્રીને રજૂઆત કરી છે કે, એકતરફ સરકાર પૂર પીડિતોને મદદ કરવાની વાતો કરે છે અને બીજી તરફ ખાખી વર્દીધારીઓ આફતમાં અવસર શોધી ગરીબ અને મધ્યમવર્ગના ખિસ્સા ખંખેરી રહ્યા છે. નાગરિકોએ આ મામલે તાત્કાલિક ઉચ્ચ સ્તરીય તપાસ કરાવી જવાબદાર ટ્રાફિક પોલીસકર્મીઓ સામે કડક શિક્ષાત્મક પગલાં ભરવાની અને દંડ રદ કરવાની ઉગ્ર માંગ કરી છે.

નિર્દયી પોલીસકર્મીઓને સસ્પેન્ડ કરો

આ પૂરની સ્થિતિ કુદરતી આપત્તિ હતી, કોઈએ સ્વેચ્છાએ નો-પાર્કિંગમાં ગાડી ઊભી રાખી નહોતી. આવા સમયે પણ જો પોલીસને માત્ર દંડ વસૂલવામાં જ રસ હોય, તો આવા નિર્દયી પોલીસકર્મીઓને તાત્કાલિક અસરથી સસ્પેન્ડ કરવા જોઈએ.

ફૂટપાથના શ્રમિકે ભેગી કરી 50 નંબર પ્લેટ

જાગૃત યુવાને સોશિયલ મીડિયામાં રીલ વાયરલ કરતાં મૂળ માલિકોને પોતાની પ્લેટ મળી રહી છે

સુરતઃ પૂરની સ્થિતિમાં જહાંગીરપુરા વિસ્તારમાં ફૂટપાથ પર રહી ભંગાર વીણી જીવન ગુજારતા ગૌતમભાઈ શાંતિભાઈ દેવીપૂજકે માનવતાનું અનોખું ઉદાહરણ પૂરું પાડી સૌનું ધ્યાન ખેંચ્યું છે.

જહાંગીરપુરા બોટનિકલ ગાર્ડન નજીક રહેતા ગૌતમભાઈએ પૂરના પાણી ઓસર્યા બાદ રસ્તા પરથી તણાઈ આવેલી આશરે 50 જેટલી વાહનોની નંબર પ્લેટ્સ ભેગી કરી હતી. સામાન્ય રીતે આવી પ્લેટ્સ ભંગારમાં વેચી દેવામાં આવતી હોય છે, પરંતુ ગૌતમભાઈએ તે તમામ પ્લેટ્સને સાચવી રાખી તેમના સાચા માલિક સુધી પહોંચાડવાનો નિર્ણય કર્યો. તેમણે જણાવ્યું કે ભારે વરસાદ દરમિયાન પાણીમાં પસાર થતી ગાડીઓ એકબીજા સાથે અથડાતી હોવાથી અનેક વાહનોની નંબર પ્લેટ્સ તૂટી પડી હતી. આ દરમિયાન આ રસ્તા પરથી પસાર થતા જાગૃત યુવાન વિવેક અશોકભાઈ ભવાનીયાએ ગૌતમભાઈ પાસે નંબર પ્લેટ્સનો ઢગલો જોઈ સમગ્ર ઘટનાની સોશિયલ મીડિયા પર રીલ બનાવી હતી. રીલ વાયરલ થતાં પોતાની નંબર પ્લેટ ગુમાવનાર અનેક વાહનચાલકો સીધા ગૌતમભાઈ સુધી પહોંચી રહ્યા છે અને પોતાની મૂળ નંબર પ્લેટ પરત મેળવી રહ્યા છે.

વિવેકભાઈએ જણાવ્યું કે, નંબર પ્લેટ વાહનની ઓળખ હોવાથી તેનો કોઈ ખોટો ઉપયોગ ન થાય તે માટે ખાસ તકેદારી રાખવામાં આવી રહી છે. કોઈપણ વ્યક્તિને સીધી નંબર પ્લેટ આપવામાં આવતી નથી. સૌપ્રથમ વાહનની અસલી આરસી બુક તપાસવામાં આવે છે.

સંક્ષિપ્ત સમાચાર

જી.ડી. ગોએન્કા સ્કૂલે FLN વર્કશોપ દ્વારા વાલીઓને સશક્ત બનાવ્યા

સુરતઃ જી.ડી. ગોએન્કા ઇન્ટરનેશનલ સ્કૂલે પ્રી-પ્રાઇમરી વિભાગના વાલીઓ માટે ફાઉન્ડેશનલ લિટરેસી એન્ડ ન્યુમેરેસી વર્કશોપનું સફળ આયોજન કર્યું હતું. વર્કશોપનું સંચાલન શ્રીમતી અંકિતા મુલિયા,- ડીન પ્રી-પ્રાઇમરી તથા અર્લી યર્સ એક્સપર્ટ, દ્વારા કરવામાં આવ્યું હતું. કાર્યક્રમનું આયોજન એકેડેમિક ડિરેક્ટર અને પ્રિન્સિપાલ ડો. શ્રુતિ અગ્રવાલના દ્રષ્ટિવંત માર્ગદર્શન હેઠળ સેક્શન એક્ટિવિટી સિંગલ હેડ્સ શ્રીમતી જાનકી પટેલ, શ્રીમતી આકાંક્ષા દાગા અને શ્રીમતી સિમરન અગ્રવાલ દ્વારા કરવામાં આવ્યું હતું. સંકલન ડો. સેજલ ઠક્કર, ડિરેક્ટર - ઓપરેશન્સ દ્વારા કરવામાં આવ્યું હતું.

દાઉદી વ્હોરા સમાજની હુસૈની ચેરિટેબલ ટ્રસ્ટે પૂરગ્રસ્તોને સહાય કરી

સુરતઃ ખાડીપૂરની ગંભીર અસર હેઠળ આવેલા મીઠીખાડી અને પર્વત પાટીયા વિસ્તારમાં અટવાયેલા લોકો માટે દાઉદી વ્હોરા સમાજના હુસૈની ચેરિટેબલ ટ્રસ્ટ, સુરત દ્વારા એક વિશેષ રાહત અભિયાન ચલાવવામાં આવ્યું હતું. જેમાં જરૂરિયાતમંદ લોકોને પાણીની બોટલ, ફૂડ, કેન્ડલ્સ (મીણબત્તી) અને દૂધ જેવી જીવનજરૂરી વસ્તુઓનું વિતરણ કરીને કપરા સમયમાં મોટી રાહત પૂરી પાડવામાં આવી હતી.

સંકેત યોગેન્દ્ર નંદાગવળી પીએચ.ડી. થયા

સુરતઃ સંકેતકુમાર યોગેન્દ્ર નંદાગવળીએ સુરત શહેરના ઘરોમાંથી SMC દ્વારા લઇ જવાનાં કચરાને ઘરમાંથી જ ભીનો અને સૂકો કચરો વર્ગીકરણ કરીને આપવાના ગૃહિણી અથવા ઘરના સભ્યોના વર્તનને નક્કી કરતા વિવિધ પરિબળો અંગે સંશોધન કર્યું હતું. આ સંશોધનને માન્ય રાખીને વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત દ્વારા તેમને કોમર્સ/એકાઉન્ટન્સી વિષયમાં પીએચ.ડી. ની પદવી એનાયત કરવામાં આવી છે. તેમણે આ સંશોધન કાર્ય ડો. હીના ઓઝા, પ્રિન્સિપાલ, શેઠ સી.ડી. બરફીવાલા કોલેજ, સુરતના માર્ગદર્શન હેઠળ સફળતાપૂર્વક પૂર્ણ કર્યું હતું.

કોર્ટ સંકુલમાં મહિલા વકીલોનો સેમિનાર યોજાયો

સુરતઃ કોર્ટ સંકુલમાં મહિલા વકીલ રૂમ ખાતે એક લીગલ સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં બીસીજી સભ્ય હીરલ પાનવાલા, એડવોકેટ નીતાબેન ત્રિવેદી, કીર્તનબેન સાલ્વે, સોનલ રાજપૂત, ઊર્મિલા બારોટ, પ્રજ્ઞા ભગત, ધરા નાશિકવાળા તથા એડવોકેટ હેતા દેસાઈએ પોતાના અનુભવ, માર્ગદર્શન અને વિચારો રજૂ કર્યા હતા. કાર્યક્રમ દરમિયાન ડોમેસ્ટિક વાયોલન્સ એક્ટ, ફેમિલી કોર્ટ એક્ટ તથા તેને સંલગ્ન પ્રક્રિયાઓ, સેટલમેન્ટ, લોક અદાલત, જુનિયર એડવોકેટ્સ માટે અસરકારક સબમિશન, કોર્ટ ડ્રેસ કોડ, ફાઇલ મેન્ટેનિંગ સહિતના અનેક મહત્વપૂર્ણ વિષયો પર વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી.

વિદ્યાકુંજ શાળાના અંગ્રેજી માધ્યમમાં 'એક પેડ મા કે નામ'નો વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો

સુરતઃ વનિતા વિશ્રામ સંચાલિત શ્રીમતી પાર્વતીબેન દેસાઈ વિદ્યાકુંજ શાળા, પૂર્વ પ્રાથમિક વિભાગ, અંગ્રેજી માધ્યમમાં 'એક પેડ મા કે નામ' અંતર્ગત વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો હતો. જેમાં અને જુનિયર કેજીની દીકરીઓ ઘરેથી છોડ લાવ્યા હતા. સ્કૂલના પરિસરમાં એ છોડનું રોપણ કરવામાં આવ્યું હતું. સીનિયર કેજીની દીકરીઓએ માટીના કુંડામાં બીજ રોપણ કર્યું હતું. આચાર્ય જ્યોતિકા રામાણી દ્વારા બીજ અંકુરિતની પ્રક્રિયા સમજાવામાં આવી હતી. ચેરમેન ક્રિપ્લાની દેસાઈ, વાઈસ ચેરમેન પ્રવીણ વોરા, સેક્રેટરી મનહર દેસાઈએ આશીર્વાદ આપ્યા હતા.

સુરતમાં કેન્સર અંગેની રાષ્ટ્રીય સ્તરની કોન્ફરન્સ સંપન્ન



સુરત એન્કોલોજી સેન્ટર દ્વારા સુરત શહેરમાં કેન્સરની સારવાર અંગેની નેશનલ કક્ષાની કોન્ફરન્સનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં આખા દેશનાં નિષ્ણાંત કેન્સર નિષ્ણાંતો પદ્મશ્રી ડો. સુરેશ અડવાણી, પદ્મશ્રી ડો. રમાકાંત દેશપાંડે, કોકીલાબેન ધીરૂભાઈ અંબાણી હોસ્પિટલમાંથી ડો. રાજેશ મિસ્ત્રી, મેક્સ નાણાવટી હોસ્પિટલમાંથી ડો. ગણેશ નાગરાજન, અમદાવાદ એસ.જી.સી. હોસ્પિટલમાંથી ડો. ક્ષિતિજ ડોમરીયા, બરોડાથી ડો. નીરજ ભટ્ટ એમ આખા દેશમાંથી નિષ્ણાંત કેન્સરના ડોક્ટરો સુરતની ધરતી પર કેન્સર વિશેની નવી દવાઓ, નવી શોધો, નવી સર્જિકલ ટેકનિક અને નવી રેડિએશન થેરાપી વિશે વિસ્તૃત પ્રમાણમાં બે દિવસ ચર્ચા કરી હતી.

શ્રી સુમોવ અડાજણ રાંદેર રોડ યુવક મંડળને 3 ચક્ષુદાન પ્રાપ્ત થયાં

સુરતઃ સુરતી મોઢ વણીક અડાજણ રાંદેર રોડ યુવક મંડળને જૂન માસ દરમિયાન ચક્ષુદાન પ્રાપ્ત થયા હતા. ચક્ષુદાતામાં સદગત શશીબેન રમેશભાઈ ભાઈદાસ, સદગત પ્રવીણચંદ્ર વ્રજલાલ ઓલીયાવાળા અને સદગત ચંદ્રિકાબેન ચંપકલાલ ભટ્ટનો સમાવેશ થતો હતો. મંડળ દ્વારા ચક્ષુદાન તેમજ કફનદાનની પ્રવૃત્તિઓ કરવામાં આવે છે.

સર્વજીવ સંકલ્પ ટ્રસ્ટ દ્વારા રોપાઓનું વાવેતર કરાયું

સુરતઃ સુરતમાં 'સર્વજીવ સંકલ્પ ટ્રસ્ટ' દ્વારા તા.૨૮/૦૬/૨૬ના રોજ વૃક્ષારોપણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. અભિયાનમાં ટ્રસ્ટના સભ્યો અને પર્યાવરણ પ્રેમી નાગરિકોએ ઉત્સાહભેર જોડાઈ વિવિધ પ્રકારના રોપાઓનું વાવેતર કર્યું હતું. ટ્રસ્ટના પ્રતિનિધિઓએ જણાવ્યું હતું કે, અમારો મુખ્ય ઉદ્દેશ્ય માત્ર વૃક્ષો વાવવાનો જ નથી, પરંતુ આવનારી પેઢીને પ્રદૂષણમુક્ત અને સ્વસ્થ વાતાવરણ આપવાનો છે. સુરતને ગ્રીન સિટી બનાવવાની આ મુહિમ હેઠળ આગામી સમયમાં પણ વિવિધ જનજાગૃતિ લક્ષી કાર્યક્રમો યોજવામાં આવશે તેમ ટ્રસ્ટ દ્વારા જાહેર કરાયું હતું. અંતમાં, સંસ્થાએ તમામ નાગરિકોને પોતાના વિસ્તારમાં વધુમાં વધુ વૃક્ષો વાવી તેના જતન માટે આગળ આવવા નમ્ર અપીલ કરી છે.

ખાડીપૂરમાં રજા પર ઊતરેલા ડે.કમિ.ને તાત્કાલિક બોલાવાયા

પૂરની ગંભીર સ્થિતિ વચ્ચે રજા મંજૂર કરવા બદલ શાલિની અગ્રવાલ ઘુંવાપુંવા

સુરતઃ સુરતમાં ભારે વરસાદ અને ખાડીપૂરના કારણે સર્જાયેલી અસામાન્ય પરિસ્થિતિ વચ્ચે વહીવટી તંત્રમાં મોટો ગરમાવો આવી ગયો છે. શહેરમાં જ્યારે પૂરની આફત હતી, ત્યારે જ મનપામાં ડેપ્યુટેશન પર ફરજ બજાવતા ડેપ્યુટી કમિશનર અને વરાછા-બી ઝોનના ઝોનલ ચીફ નિધિ સિવાય બે દિવસની રજા પર ઉતરી ગયા હતા. મસૂરી ખાતે આયોજિત એક કોન્ફરન્સમાં તેમની સ્પીચ હોવાથી તેઓ રજા પર ગયા હતા અને તેમનો વધારાનો ચાર્જ ડેપ્યુટી કમિશનર ધર્મેશ મિસ્ત્રીને સોંપવામાં આવ્યો હતો.બીજી તરફ, સુરતની આ ગંભીર પરિસ્થિતિ પર નિયંત્રણ અને સુપરવિઝન રાખવા માટે સરકાર તરફથી ખાસ મૂકવામાં આવેલા ઓફિસર ઓન સ્પેશિયલ ડ્યુટી શાલિની અગ્રવાલના ધ્યાને ગતરોજ આ સમગ્ર બાબત આવી હતી.

ચર્ચા પ્રમાણે તેમણે આ મામલે મ્યુનિ.કમિ.ને કડક શબ્દોમાં કહ્યું હતું અને ડે.કમિ. નિધી સિવાયને પરત બોલાવવા કહ્યું હતું. જેને પગલે તાત્કાલિક અસરથી ડેપ્યુટી કમિશનર નિધિ સિવાયની રજા રદ કરીને તેમને દિલ્હીથી જ પરત બોલાવી લેવામાં આવ્યા છે. ગત રાત્રે આઈસીસીસી ખાતે પૂર નિયંત્રણ માટે યોજાયેલી ઉચ્ચ સ્તરીય બેઠકમાં પણ આઈએએસ નિધિ સિવાય હાજર ન રહેતા, તેમને ખાસ ટેલિફોનિક સૂચના આપીને તાબડતોબ ફરજ પર હાજર થવા આદેશ કરાયો હોવાની ચર્ચાએ જોર પકડ્યું છે.

અષાઢીબીજની રથયાત્રા માટે સજ્જ થઇ રહી છે પોલીસ

■ પૂરના પાણીમાં છેલ્લા ત્રણ ત્રણ દિવસથી રાત દિવસ ખડે પગે ફરજ બજાવનાર પોલીસ હવે અષાઢીબીજની રથયાત્રાની તૈયારીમાં લાગી ગઇ છે. આજે અમરોલીના લંકાવિજય હનુમાન ખાતે પોલીસે ભક્તો સાથે બેઠક યોજી વિવિધ સૂચન આપ્યા હતાં. (તસવીર : સતીષ જાદવ)

સુરતના પૂર બાદ ઉદ્યોગોને બેઠા કરવા વિશેષ ફ્લડ લોન યોજના જાહેર

સુરત શહેરમાં પડેલા અતિભારે વરસાદ અને ખાડી પૂરના કારણે ઉદ્યોગ, વેપાર અને રિટેલ ક્ષેત્રને અંદાજે રૂ. 2,000 કરોડથી વધુનું આર્થિક નુકસાન થયું હોવાનું વેપારી વર્તુળોમાં માનવામાં આવી રહ્યું છે. અનેક વિસ્તારોમાં ગોડાઉન, દુકાનો અને કારખાનાઓમાં પાણી ઘૂસી જતાં લાખો રૂપિયાનો માલ બગડ્યો હતો. આવી વિકટ પરિસ્થિતિમાં પૂરગ્રસ્ત વેપારીઓ અને નાના ઉદ્યોગકારોને આર્થિક રીતે બેઠા કરવા માટે વરાછા કો-ઓપરેટિવ બેંક લિમિટેડ, સુરતે વિશેષ ફ્લડ લોન યોજના જાહેર કરી છે. બેંક દ્વારા પૂરગ્રસ્ત વેપારીઓને રૂ. 5 લાખ સુધીની ફ્લડ લોન માત્ર 9 ટકા વ્યાજદરે પાંચ વર્ષની મુદત માટે ઉપલબ્ધ કરાવવાની જાહેરાત કરવામાં આવી છે.

1,185 પરિવારને રૂ. 35.21 લાખની સહાય ચૂકવાઈ

સરવે માટે 227 અધિકારી-કર્મચારીઓની 41 ટીમો મેદાનમાં

સુરતઃ સુરત શહેરમાં તાજેતરના ભારે વરસાદ બાદ અસરગ્રસ્ત પરિવારોને રાહત પહોંચાડવા જિલ્લા વહીવટીતંત્રે સર્વે અને સહાય વિતરણની કામગીરી શરૂ કરી છે. શુક્રવારે બપોરે 1 વાગ્યા સુધીમાં કુલ 1,185 અસરગ્રસ્તોને રૂ. 35.21 લાખની કેશડોલ્સ અને ઘરવખરી સહાય ચૂકવવામાં આવી હતી, જ્યારે નુકસાનનો સર્વે પણ સતત ચાલી રહ્યો છે.

જિલ્લા કલેક્ટર તેજસ પરમારના માર્ગદર્શન હેઠળ માનવહાનિ, ઈજાઓ તેમજ મકાનો અને અન્ય મિલકતોને થયેલા નુકસાનનું મૂલ્યાંકન ઝડપથી પૂર્ણ કરવા માટે વર્ગ-1, વર્ગ-2 અને વર્ગ-3ના કુલ 227 અધિકારી-કર્મચારીઓની 41 ટીમો કાર્યરત કરવામાં આવી છે. દરેક ટીમને સંબંધિત તાલુકામાં ઘરે-ઘરે જઈ નુકસાનનો સર્વે કરીને તાત્કાલિક સહાય પહોંચાડવાની જવાબદારી સોંપવામાં આવી છે. બપોરે 1 વાગ્યા સુધીમાં કતારગામ, પુણા, મજુરા, અબ્રામા અને ઉધના વિસ્તારમાં 701 અસરગ્રસ્તોને રૂ. 11 લાખની કેશડોલ્સ સહાય આપવામાં આવી હતી, જ્યારે 484 પરિવારોને રૂ. 24.20 લાખની ઘરવખરી સહાયનું વિતરણ કરવામાં આવ્યું હતું. વહીવટીતંત્રના જણાવ્યા મુજબ જે-જે વિસ્તારોમાં સર્વે પૂર્ણ થઈ રહ્યો છે, ત્યાં તરત જ સહાયની ચુકવણી પણ કરવામાં આવી રહી છે. લિંબાયતના રતનજીનગર, મઝદા પાર્ક સહિતના વિસ્તારોમાં અધિકારીઓએ સ્થળ પર પહોંચી સર્વેની કામગીરી હાથ ધરી હતી.

કલેક્ટરે વીમા કંપનીઓ સાથે બેઠક યોજી

આપત્તિના સમયમાં કાળાબજારી અને વધુ ભાવ વસૂલનારા સામે કડક કાયદાકીય કાર્યવાહી કરવાની ચેતવણી

સુરતઃ જિલ્લા કલેક્ટર તેજસ પરમારની અધ્યક્ષતામાં વિવિધ વીમા કંપનીઓ સાથે બેઠક કરી ઇન્સ્યોરન્સ ક્લેમનો ઝડપથી નિકાલ થાય તે માટે જરૂરી સૂચનાઓ આપવામાં આવી હતી.

બેઠકમાં કલેક્ટરે ઇન્સ્યોરન્સ કંપનીઓને સ્પષ્ટ જણાવ્યું હતું કે, પૂરથી અસરગ્રસ્ત વેપારીઓના તમામ ક્લેમને પ્રાથમિકતા આપીને ઝડપથી પ્રક્રિયા પૂર્ણ કરવામાં આવે અને ક્લેમધારકોને ઓછામાં ઓછી મુશ્કેલી પડે તે રીતે કામગીરી કરવામાં આવે. વેપારીઓ અને ઉદ્યોગો સાથે વધુ અસરકારક સંકલન માટે એક નોડલ અધિકારીની નિમણૂક કરવામાં આવી છે. ઉપરાંત, વેપારીઓ અને એજન્સીઓને ઇન્સ્યોરન્સ સંબંધિત કોઈપણ સમસ્યા કે ફરિયાદ હોય તો તેનું ઝડપી નિરાકરણ લાવવા માટે ટૂંક સમયમાં વિશેષ વેબ પોર્ટલ શરૂ કરવામાં આવશે. જિલ્લા કલેક્ટર તેજસ પરમારે આપત્તિની સ્થિતિનો ગેરલાભ ઉઠાવનારાઓને કડક ચેતવણી આપી કે ઓટો અને મશીન રિપેરિંગ સહિતની કેટલીક દુકાનો તેમજ અનાજના વેપારીઓ દ્વારા સામાન્ય કરતાં વધુ ભાવ વસૂલાતી હોવાની ફરિયાદો મળી રહી છે. તેમની સામે કાર્યવાહી થશે.

દુકાનદીઠ 15 અને મૃતકોના પરિવારને 50 લાખ ચૂકવો

કોંગ્રેસ દ્વારા કલેક્ટરને આવેદનપત્ર આપી પૂરને ભાજપસર્જિત ગણાવી વળતરની માંગ કરવામાં આવી

સુરતઃ ભારતીય જનતા પાર્ટીની વહીવટી અકુશળતા અને પાલિકાના ભ્રષ્ટ અધિકારીઓના પાપે ફરી એક વખત સુરત શહેર પૂરની ભયાનક આફતમાં સપડાયું હોવાના આક્ષેપ સાથે કોંગ્રેસના આગેવાનોએ કલેક્ટરને આવેદનપત્ર પાઠવ્યું હતું.

સુરત શહેર કોંગ્રેસ સમિતિના અધ્યક્ષ વિપુલ ઉધનાવાલા તેમજ ઉપાધ્યક્ષ હરીશ સૂર્યવંશીની આગેવાનીમાં અપાયેલા આવેદનપત્રમાં કોંગ્રેસે ગંભીર આક્ષેપ કર્યો છે કે સુરત એક આર્થિક અને ગૌરવવંતું ઔદ્યોગિક શહેર હોવા છતાં, શાસક ભાજપ સરકાર અને મહાનગરપાલિકાની ગંભીર બેદરકારી, અણઘડ આયોજન અને વહીવટી નિષ્ફળતાના કારણે આખું શહેર 'ભાજપ સર્જિત પૂર'ની આફતમાં ધકેલાઈ ગયું છે.

સુરતીઓ દર વર્ષે નિયમિત ટેક્સ ચૂકવતા હોવા છતાં તંત્રની નાકામીના કારણે હજારો પરિવારો અને વેપારીઓએ અબજો રૂપિયાનું નુકસાન વેઠવું પડે છે. કોંગ્રેસ દ્વારા પૂર પ્રભાવિત નાગરિકો માટે ઘર દીઠ 5 લાખ, નાના-મોટા વેપારીઓ અને દુકાનદારો માટે 15 લાખ તેમજ પૂરના કારણે અકાળે જીવ ગુમાવનારા અંદાજે 40 જેટલા નિર્દોષ મૃતકોના આશ્રિતોને 50 લાખની આર્થિક સહાય તાત્કાલિક ચૂકવવાની ઉગ્ર માંગ કરવામાં આવી છે.

ખાડીપૂરના મામલે નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીની મોડી રાત્રે હાઈ-લેવલ બેઠક

પૂરગ્રસ્ત 9,100થી વધુ પરિવારોનો સરવે પૂર્ણ

વેપારીઓના નુકસાનના સરવે બાદ વિશેષ સહાય અંગે સરકાર કરશે

સુરતઃ ખાડીપૂર બાદ નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ મોડીરાત્રે કલેક્ટર કચેરી ખાતે બેઠક યોજ્યા બાદ જણાવ્યું કે અસરગ્રસ્ત નાગરિકોને ઝડપી સહાય પહોંચાડવા માટે પ્રશાસનની ટીમો સતત મેદાનમાં કાર્યરત છે. અત્યાર સુધીમાં શહેરના 9,100થી વધુ પરિવારોનો ડોર-ટુ-ડોર સર્વે પૂર્ણ કરવામાં આવ્યો છે. સર્વે દરમિયાન ગંભીર અસરગ્રસ્ત તરીકે ઓળખાયેલા 800થી વધુ પરિવારોને રાજ્ય સરકાર દ્વારા રૂ. 6,800 લેખે ઘરવખરી અને કેશડોલની સહાય તેમના ઘરે જઈને ચૂકવવામાં આવી છે. શહેરના અંદાજે 58 જેટલા નાના-મોટા ગલી-મહોલ્લા અને વ્યાપારી વિસ્તારોમાં દુકાનો તથા વેપાર એકમોને થયેલા નુકસાનનો વિશેષ સર્વે હાથ ધરવામાં આવશે. આ સર્વેના અહેવાલના આધારે મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં વેપારીઓને સહાય અંગે મહત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવશે. સરકાર પહેલેથી જ જરૂરી માહિતી એકત્રિત કરી રહી હોવાથી સહાય પ્રક્રિયા ઝડપથી પૂર્ણ થઈ શકે તેવું આયોજન કરવામાં આવ્યું છે.

ખાડીપૂરગ્રસ્ત મીઠી ખાડીમાં સફાઈ માટે 1070 વાહનો કામે લગાડવા પડ્યાં

શહેરમાં ખાડીપૂર ઓસર્યા બાદ સફાઈ અભિયાન હાથ ધરવામાં આવ્યું છે. શહેરના તમામ 9 ઝોનમાં કુલ 718 ડોર-ટુ-ડોરવાહનો અને 352 ઇવી મળીને કુલ 1,070 વાહનો સફાઈની કામગીરીમાં જોડવામાં આવ્યા છે. સૌથી વધુ 156 વાહનો વરાછા-એ માં અને 149 વાહનો લિંબાયત ઝોનમાં તૈનાત કરાયા છે. આ ઉપરાંત સેન્ટ્રલ ઝોનમાં 136, વરાછા-બી માં 96, કતારગામ ઝોનમાં 147, અઠવા ઝોનમાં 142, ઉધના-એ માં 93, ઉધના-બી 43 અને રાંદેર ઝોનમાં 108 વાહનો રાઉન્ડ ધ ક્લોક સફાઈ માટે ફાળવી દેવાયા છે.

24 કલાકમાં સુરતમાંથી કચરાના ઢગલા હટાવી ચોખ્ખું ચણાક કરો: સ્થાયી સમિતિ ચેરમેનનો આદેશ

પૂરના પાણી ઓસર્યા છે, ત્યારે લોકોએ પોતાના ઘરો અને દુકાનોમાંથી બગડી ગયેલો, સડી ગયેલો અને નકામો થઈ ગયેલો તમામ માલ-સામાન બહાર કાઢીને રસ્તા પર ખડકી દીધો છે. પૂરના ગંદા પાણીના કારણે આસપાસના વિસ્તારોમાં તીવ્ર દુર્ગંધ ફેલાઈ રહી છે અને હવે આ કચરાના મોટા ઢગલાઓની વચ્ચે જ લોકોને રહેવાની અત્યંત કપરી નોબત આવી છે. જેને લઈ હવે તંત્રને 24 કલાકમાં શહેરમાં કચરાના ઢગ હટાવી લેવા માટેના આદેશ રાજ્ય સરકાર તરફથી અપાયા છે. પૂરના કારણે સર્જાયેલી અસાધારણ પરિસ્થિતિને પહોંચી વળવા માટે વડોદરા અને અમદાવાદ મહાનગરપાલિકાથી પણ સફાઈ કર્મચારીઓની ખાસ અનુભવી ટીમો અને સેનિટિશન સ્ટાફને તાત્કાલિક ધોરણે સુરત બોલાવી લેવામાં આવ્યા છે.

પાણી પુરવઠામાં એક કલાકનો વધારો કરાયો

લિંબાયત ઝોન વિસ્તાર આ વખતના ખાડી પૂરથી સૌથી વધુ પ્રભાવિત થયો છે. લિંબાયતની અનેક સોસાયટીઓ, શેરીઓ અને રહેણાક વિસ્તારો દિવસો સુધી ખાડી અને વરસાદી પાણીમાં ડૂબેલા રહ્યા હતા. પૂરના પાણી ઓસર્યા બાદ હવે સ્થાનિકોને ઘરવખરી સાફ કરવા અને દૈનિક જરૂરિયાતો માટે મોટા પ્રમાણમાં પાણીની જરૂર પડી રહી છે. નાગરિકોની આ તાતી જરૂરિયાતને ધ્યાનમાં રાખીને વહીવટી તંત્ર દ્વારા લિંબાયત ઝોનમાં પાણી પુરવઠો એક કલાક વધારવાની સૂચના આપવામાં આવી છે.

પૂરગ્રસ્ત વિસ્તારોમાં ચામડીના રોગો વધ્યા

હાલ આરોગ્ય વિભાગની મેડિકલ ટીમો દ્વારા પ્રભાવિત વિસ્તારોમાં સરવે અને સારવાર માટે દોડધામ કરવામાં આવી રહી છે. પૂરના ગંદા પાણીના સંપર્કમાં આવવાને કારણે સ્થાનિકોમાં તાવની સાથે ચામડીના રોગોના કેસો મોટા પ્રમાણમાં સામે આવી રહ્યા છે, જેને લઈ તંત્ર દ્વારા મેડિકલ સર્વેલન્સને વધુ સઘન બનાવવાના આદેશો આપવામાં આવ્યા છે. પૂરગ્રસ્ત વિસ્તારોમાં રહેતા લોકોને ઝડપથી તબીબી સારવાર મળી રહે તે માટે આગામી એક અઠવાડિયા સુધી સતત હેલ્થ મોનિટરિંગ થાય તેવી ખાસ વ્યવસ્થા ઊભી કરાઈ છે.